# પાલીતાણા જાત્રા FAQ

વધુ વિગત માટે jatra.dadabhagwan.org

**પ્રશ્ન-૧. મને પાલીતાણા જાત્રામાં જવા મળશે ?**

**જવાબ: જાત્રામાં બધા મહાત્મા જોડાઈ શકે છે** આ જાત્રામાં જોડાવા ઈચ્છુંક મહાત્માઓએ **Akonnect માં રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.**

**પ્રશ્ન-૨. રજીસ્ટ્રેશન કર્યા પછી શું પ્રોસેસ હશે ?**

**જવાબ:** રજીસ્ટર થયેલા મહાત્માઓને વ્યવસ્થાના હેતુસર નીચે મુજબની **૨ (બે) કેટેગરીમાં** વહેંચવામાં આવશે.

(1) **પેમેન્ટ પેન્ડીંગ** (Payment Pending)
જો આપની આ કેટેગરી હોય તો આપે પેમેન્ટ કરી કન્ફર્મેશન મેળવવાનું રહેશે. પેમેન્ટની પ્રક્રિયા માટે "Payment Guideline" જોઈ લેવા વિનંતી.

(2) **વેઈટીંગ** (Waiting)
આ કેટેગરી માટે નીચે વિગતવાર માહિતી આપેલ છે, **પ્રશ્ન-૫,૬ ૭** ની વિગત જોવા વિનંતી.

**પ્રશ્ન-૩. અમે કઈ કેટેગરીમાં છીએ તે અમે જાણી શકીએ? જો હા તો કઈ રીતે?**

**જવાબ:** (૧) આપના રજીસ્ટર્ડ મોબાઈલમાં SMS/ Email મોકલવામાં આવ્યો છે, તેનાથી.

(૨) Akonnect → Event → Transaction માં જઈ પાલીતાણા જાત્રા ઈવેન્ટનું રજીસ્ટ્રેશન સ્ટેટસ (Status) જોઈ શકશો.

**પ્રશ્ન-૪. પેમેન્ટ ભરવાની છેલ્લી તારીખ કઈ ?**

**જવાબ: જાત્રા વહેલા તે પહેલાના ધોરણે હોવાથી આપે રજીસ્ટ્રેશન કર્યા બાદ**

(1) જો આપનું સ્ટેટસ "પેમેન્ટ પેન્ડીંગ" બતાવતું હોય તો તરત જ પેમેન્ટ કરવાનું રહેશે. પેમેન્ટ કર્યા બાદ જ આપનું રજીસ્ટ્રેશન કન્ફર્મ ગણાશે.

(2) જો આપનું સ્ટેટસ "પેમેન્ટ પેન્ડીંગ" બતાવતું હોય અને **આપ પેમેન્ટ ભરવામાં વધુ મોડું કરશો તો વ્યવસ્થાના હેતુસર આપનું સ્ટેટસ 'વેઈટીંગ'માં કન્વર્ટ થઈ શકશે તો પછી આપ પેમેન્ટ નહિ કરી શકો.**

**પ્રશ્ન-૫. જો અમે વેઈટીંગ સ્ટેટસ માં છીએ તો અમોને એપ્રુવમાં એટલે કે "પેમેન્ટ પેન્ડીંગ" સ્ટેટસ થવાની શક્યતા છે ?**

**જવાબ:** હા, જેટલા કેન્સલેશન થાય, તેની સામે તેટલા વેઈટીંગ મહાત્માઓને એપ્રુવડમાં (Approved) થવાના ચાન્સ રહેશે.

**પ્રશ્ન-૬. જો અમે વેઈટીંગમાં છીએ તો અમેં પેમેન્ટ કરી શકશું ?**

**જવાબ:** ના, જેમનું સ્ટેટ્સ પેમેન્ટ પેન્ડીંગ (Payment Pending) હશે એજ મહાત્મા પેમેન્ટ કરી શકશે. વેટીંગ માંથી એપ્રુવ થયા બાદ આપને SMS/Email આવશે પછી આપ પેમેન્ટ કરી શકશો.

**પ્રશ્ન-૭. વેઈટીંગમાં આવ્યા પછી આગળની પ્રોસેસ શું હશે ?**

**જવાબ:** આપ નીચેના ઓપ્શન પ્રમાણે આગળ વધી શકો છો :

૧) **આપ થોડા દિવસ વેઈટ કરી શકો છો.**
તમારા ઓપ્શનમાં બીજા કોઈ મહાત્મા કેન્સલ કરાવશે તો તમારું નામ એપ્રુવ થઈ શકે

૨) **આપ બીજા કોઈ ઓપ્શન સીલેક્ટ કરી ટ્રાય કરી શકો છો.**
જેમકે તમારું સિલેક્ટ કરેલ ઓપ્શન ફુલ થઈ ગયું હોય તો તમે Akonnect માં ટ્રાન્ઝેક્શનમાં જઈ એડિટ પર ક્લિક કરી બીજું કોઈ ઓપ્શન સિલેક્ટ કરી ટ્રાય શકો છો.

**પ્રશ્ન-૮. સંજોગવશાત જો ન આવી શકાય તો કેન્સલ કેવી રીતે કરવું ?**

**જવાબ:** આપ Akonnect માં ટ્રાન્ઝેક્શનમાં જઈ કેન્સલ કરી શકો છો

**પ્રશ્ન-૯. કેન્સલ કરવાયા પછી મે જમા કરાવેલ રકમ મને કેવી રીતે પછી મળી શકે ?**

**જવાબ: કેન્સલેશન બાદ પરત મળવા પાત્ર રકમ માટે 'કેન્સલેશન અને રિફંડ પોલિસી' જોવા માટે વિનંતી**